**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૬/૧/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૨/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી ૧૧૬ લીટર દેશી દારૂ અને ૪૧ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૩/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૪/૧૫</u>**

**દાણીલીમડા :** હિરાબહેન નારણભાઇ સોલંકી (રહે.આશાપુરી સોસાયટી, ઢોરબજાર ચાર રસ્તા, બેહરામપુરા) એ તા.૫/૧/૧૫ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આજથી એક અઠવાડીયા પહેલાં બપોરનાં ૧૨/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પૌત્ર સુનીલભાઇ દિનેશભાઇ(ઉ.વ.૧૩) નું કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એસ.શેખ ચલાવે છે.

**<u>છેતરપીંડી અને વિશ્વાસઘાત :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૫/૧૫</u>**

**ઓઢવ :** શાંતાબહેન ભરતભાઇ પટેલ (રહે.શીવદર્શન સોસાયટી, સુવાસ ઓરમની સામે, રીંગ રોડ, ઓઢવ) એ તા.૫/૧/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૨/૧૪ ના કલાક ૯/૦૦ થી તા.૨૯/૧૨/૧૪ નાં કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી (૧) દિનેશ અને (૨) રાજુભાઇ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગામળી પોતે અનાથ આશ્રમમાંથી આવતાં હોવાની ઓળખ આપી ભીખ પેટે રૂપિયા અને સાડી માંગી, શાંતાબહેનને વિશ્વાસમાં લઇ પોતાની પાસેની સોનાની કંઠીમાંથી એક મણકો શાંતાબહેનને આપી “તમે આ મણકો સોની પાસે ચેક કરાવો, જો મણકો સોનાનો હોય તો કંઠી સસ્તામાં આપી દઇશુ” તેમ કહી શાંતાબહેનને લાલચ આપતાં, મણકો સોનાનો નિકળતાં શાંતાબહેન પાસેથી કંઠી પેટે રૂપિયા ૨,૦૦,૦૦૦/- લઇ, પિત્તળની કંઠી આપી નાસી જઇ, શાંતાબહેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ખાંટ ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૪૬/૧૫**

**ઓઢવ :** કાંતિભાઇ કાળીદાસ પરમાર (રહે.મોમાઇનગર, રંગફુપા હોસ્પીટલની સામે, તક્ષશીલા રોડ, ઓઢવ) એ તા.૫/૧/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.3/૧/૧૫ બપોરના ૧/30 થી તા.૫/૧/૧૫ સવારનાં ૭/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, પતરાની પેટીનો નકુચો તોડી, પેટીમાંથી સોના-ચાંદીનાં દાગીના કુલ કિંમત રૂપિયા ૮૬,000/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એસ.બારૈયા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૪૭/૧૫**

**આનંદનગર :** મનોજભાઇ ભાસ્કર (રહે.વર્જવિહાર ટાવર, આર્યવર્ત બંગ્લોઝ, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઇટ) એ તા.૫/૧/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૨/૧૪ પહેલાં કોઇપણ સમયે પોતાની આનંદનગર, વિનસ એટલાર્ટીસ બિલ્ડીંગમાં આવેલ ઓફીસમાં નોકરી કરતો આરોપી પ્રદિપસિંગ રામઆશ્રયસીંગ રાજપુત (રહે.લાંભા ગામ) નો નોકરી દરમ્યાન ઓફીસમાંથી રોકડા રૂપિયા ૪0,000/-, સેમસંગ ટેબલેટ કિંમત રૂપિયા ૧0,000/- તથા રૂપિયા ૧,00,000/- નો ચેક પોતાના ખાતામાં જમા કરાવી કુલ રૂપિયા ૧,૫0,000/- મતાની ચોરી કરી નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૪૮/૧૫**

**નરોડા :** ગનીભાઇ આદમભાઇ મન્સુરી(ઉ.વ.૪૮)(રહે.ચામુંડાની ચાલી, પદમાવતી સોસાયટીની સામે, નિકોલ નરોડા રોડ) તા.૫/૧/૧૫ રાતનાં ૯/30 વાગ્યાના સુમારે નરોડા જી.આઇ.ડી.સી. ફેજ-૧, ઇગરસોલ કંપનીની બાજુમાં, મધુર મસાલા કંપનીની સામે ઉભા હતા દરમ્યાન ત્રણ અજાણ્યા ઇસમો(૩૫ થી ૪0 વર્ષના આશરાનાં) ભેગામળી ગનીભાઇ હથોડી અને લાકડીથી માથામાં ઇજા કરી, ગનીભાઇનું રોકડ રૂપિયા ૬0,000/- ભરેલ પાકિટ લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગનીભાઇ મન્સુરીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.પી.પીરોજીયા ચલાવે છે.

**પાણીમાં ડુબી જઇ મરણ ગયેલની લાશ મળી આવી :** **સમાચાર યાદી નં.૪૯/૧૫**

**એલીસબ્રીજ :** તા.૫/૧/૧૫ ના કલાક ૧૧/30 વાગ્યા પહેલાં કોઇપણ સમયે આંબેડકરબ્રીજ નીચે સાબરમતી નદીમાં પાણીમાં ડુબી જઇ મરણ ગયેલ ગોપાલભાઇ દશરથભાઇ સાધુ (ઉ.વ.૧૬)(રહે.વસંતવિહાર સોસાયટી, વિભાગ-૨, કઠવાડા રોડ, નવા નરોડા)નાઓની લાશ એલીસબ્રીજ પોલીસને મળી આવી છે. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ફતેસિંહ રૂપાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.